# રાજકોટ માર્કેટ યાર્ડમાં ત્રણ હેલીપેડ બનાવાયા : રિહર્સલ યોજાયું

રાજકોટ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે રીજીયોનલ વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન માટે રવિવારે રાજકોટ આવવાના છે તે પૂર્વે હેલીપેડથી માંડીને તમામ તૈયારીઓનો આખરી આપવામાં આવી રહ્યો છે. મોરબી રોડ પર મારવાડી યુનિ. ખાતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં પહોંચવા વડાપ્રધાન માટે નજીકમાં આવેલા માર્કેટ યાર્ડ ખાતે ૩ હેલીપેડ બનાવવામાં આવ્યા છે. જ્યાં વડાપ્રધાન મોદી ઉતરાણ કરશે અને ત્યાંથી સમિટ સ્થળે પહોંચશે. રવિવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સોમનાથથી વડાપ્રધાન હેલીકોપ્ટર મારફતે સમિટ સ્થળે પહોંચશે. હેલીકોપ્ટરના ઉતરાણ માટે મારવાડી યુનિવર્સિટીની નજીક આવેલા માર્કેટીંગ યાર્ડમાં ૩ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યા છે. યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરાએ જણાવ્યું હતુ કે બેડી યાર્ડમાં ૨૬ હજાર મીટર જગ્યામાં આરસીસી પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.

સાડાચાર કરોડના ખર્ચે બે દિવસ પૂર્વે જ આરસીસી પ્લેટફોર્મનું આ કામ પૂર્ણ થયું હતું. અત્યાર સુધી કૃષિ જણસી ઉતારવા માટે તેનો ઉપયોગ થયો ન હતો હવે વડાપ્રધાનના કાર્યક્રમ માટે ફાળવી દેવામાં આવ્યું છે. સુત્રોના કહેવા પ્રમાણે માર્કેટીંગ યાર્ડ ખાતેના હેલીપેડ ધરાવતા આ વિશાળ ગ્રાઉન્ડનો કબજો એસપીજીએ લઈ લીધો છે અને ગઈ સાંજે હેલીકોપ્ટર ઉતરાણનું રિહર્સલ યોજવામાં આવ્યું હતુ.

યાર્ડનું આ નવેનવું પ્લેટફોર્મ સૌ પ્રથમ વડાપ્રધાનના કાર્યક્રમ માટે ઉપયોગમાં લેવામાં આવનાર છે. આ નવા જ આરસીસી પ્લેટફોર્મ પર સૌ પ્રથમ પગલા વડાપ્રધાનના પડશે તે પણ મહત્વનું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસા જેવી સીઝનમાં ખેડૂતોની કૃષિ ચીજોને નુકશાન ન થાય અને ઉતરાણ માટે યોગ્ય સારી જગ્યા મળે તે માટે સાડાચાર કરોડના ખર્ચે યાર્ડ સત્તાવાળાઓ દ્વારા આરસીસી પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે અને બે દિવસ પૂર્વે જ તેનું કામ પૂર્ણ થયું હતું.

# રાજકોટમાં મનપા ફુડ શાખાની પાણીપુરીના ધંધાર્થીઓને ત્યાં ધોંસ : ૫૦ નમુના લેવાયા

## શહેરની નામાંકિત હોટલો, દુકાનો તથા રેંકડીઓ ઉપર પાણીપુરી અંગે તંત્રનું ચેકીંગ: ૫ કિલો વાસી અખાદ્ય નોનવેજ ફુડનો નાશ





રાજકોટ, ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાના કહેર વચ્ચે રાજકોટમાં પણ પાણીપુરીના ધંધાર્થીઓને ત્યાં સઘન ડ્રાઈવ ચાલી રહી છે તે અંતર્ગત ૧૫૦ ફુટ રીંગ રોડ, યુનિ. રોડ, પુષ્કરધામ, કોટેચા ચોક, રેસકોર્સ, સર્વેશ્વર ચોક, યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં ૫૦ ધંધાર્થીને ત્યાં અલગ અલગ ફલેવરના પાણીના નમુના લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે.

જે વિસ્તારમાં પાણીના નમુના લેવાની ડ્રાઈવ ચલાવવામાં આવી તેમાં પંચનાથ મંદિર સામે રાજેન્દ્ર જેશવા, યાજ્ઞિક રોડ પર શ્રી ચાઈનીઝ-પંજાબી, મમતા પાણીપુરી, સર્વેશ્ર્વર ચોકમાં સંતોષ ભેળ, ક્રિષ્ના મારવાડી, બોમ્બે સ્ટાઈલ ભેળ, બાલભવન ગેટ પાસે સંતોષ ભેળ, બાલાજી પાણીપુરી, સંતોષ ભેળ એન્ડ રગડા, સાવરીયા શેઠ પાણીપુરી, બોમ્બે સ્ટાઈલ ભેળ, ગપ્પે વીથ ગોલ ગપ્પે, નુતનનગર હોલ સામે શ્રીનાથજી ભેળ સેન્ટર, કોટેચા ચોકમાં કે.પી.ફુડસ, મીત રેસ્ટોરન્ટ, એ.જી.ચોક હોકર્સ ઝોનમાં દિલખુશ અને શ્રીનાથજી પાણીપુરી, પુષ્કરધામ મેઈન રોડ પર ક્રિષ્ના, ચાંદની, મા રતનગઢવાલી પાણીપુરી, કિડની હોસ્પિટલ પાછળ બાલાજી પાણીપુરી, શિવશંકર પાણીપુરી, ૧૫૦ ફુટ રોડ ઈગલ ટ્રાવેલ્સ પાસે નેત્રી પાણીપુરીનો સમાવેશ થાય છે.

આવી બે ડઝન જેટલી દુકાનોમાંથી તીખુ, મીઠુ, જીરા, લસણ, હાજમા, રેગ્યુલર, જલજીરા, ફુદીના, ખજુર, ગાર્લિક લસણ પાણીના ૫૦ નમુના લેવાયા છે. મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રામનાથપરામાં જુમ્મા મસ્જિદ મેઈન રોડ પર આવેલ એસ.એ. નોનવેજ પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ પાંચ કિલો વાસી પ્રિપેર્ડ-ફૂડનો નાશ કરવામાં આવ્યો હતો અને દુકાનદારને યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટિસ અપાઈ હતી.

ફૂડ વિભાગની ટીમે નાણાવટી ચોકથી રામેશ્વર મેઈન રોડ વિસ્તારમાં ખાણીપીણીના ૧૮ ધંધાર્થીને ત્યાં ૧૮ સેમ્પલની ચકાસણી કરી આઠને નોટીસ અપાઈ હતી. તેમાં (૧)મોમાઈ સુપર માર્કેટ (૨)વિશ્વાસુ પ્રોવિઝન સ્ટોર (૩)મોમાઈ અમૂલ પાર્લર (૪)પરી મેડીકલ (૫)સ્વસ્તિક પ્રોવિઝન સ્ટોર (૬)શ્રીરામ ડેરી ફાર્મ (૭)પિતૃકૃપા ચીકી (૮)ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૯)જય ચામુંડા ફરસાણ (૧૦) એબી બેકરી (૧૧) બ્રજ બાઈટ (૧૨)જય અંબે ફરસાણ (૧૩)શ્રી રાધે જનરલ સ્ટોર (૧૪)આશાપુરા જનરલ સ્ટોર (૧૫)શયોના પ્રોવિઝન સ્ટોર (૧૬)જલિયાણ ફરસાણ (૧૭)ડોલી અમૂલ પાર્લર (૧૮)ખોડિયાર જનરલ સ્ટોરનો સમાવેશ થાય છે.

# વાઈબ્રન્ટ સમીટના પગલે રાજકોટનો મોરબી રોડ પાંચ દિવસ માટે ડાયવર્ટ કરાયો

## જામનગર તરફથી મોરબી કે અમદાવાદ જવા માટે ગોંડલ ચોકડી ફરીને જવાનું રહેશે: પોલીસ કમિશ્નરે જાહેરનામું

રાજકોટ, આગામી તા.૧૧ ના મારવાડી યુની. માં યોજાનાર વાઈબ્રન્ટ સમીટના કારણે મોરબી રોડ પાંચ દિવસ માટે ડાયવર્ટ કરાયો છે. તા.૧૧ થી ૧૫ સુધી માધાપર ચોકડીથી બેડચોકડી, મોરબી રોડ, માલિયાસણ ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી તરફ જવાના રસ્તા ભારે વાહનો માટે બંધ કરી વૈકલ્પિક રૂટ અપાયા છે. જે અંગે પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે.

હવે મોટા અને ભારે વાહન ચાલકોને જામનગર તરફથી મોરબી કે અમદાવાદ જવા માટે ગોંડલ ચોકડી ફરીને જવાનું રહેશે. જાહેરનામાનો ભંગ થશે તો ગુનો નોંધાશે.

દેશના વડાપ્રધાન આગામી તા.૧૧ ના રાજકોટ શહેરની મુલાકાતે પધારનાર હોય તેમજ તા.૧૧ થી તા.૧૩ સુધી મારવાડી યુનિવર્સિટી ખાતે રીજનલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે, જે સમિટમાં દેશ-વિદેશના અનેક નામાંકીત ઉદ્યોગપતી, વી.વી.આઈ.પી./વી.આઈ.પી. મહેમાનો અને પ્રતિનિધિઓ પધારનાર છે. તેમજ તા.૧૩,૧૪,૧૫ ત્રણ દિવસ માટે જાહેર જનતા માટે મારવાડી યુનિવર્સિટી ખાતેનું રિજનલ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૬ એકિઝબીશન ખુલ્લુ મુકવામાં આવનાર હોય અને વડાપ્રધાન રાજકોટની મુલાકાત દરમિયાન અને વાયબ્રન્ટ સમિટ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખી અલગ અલગ માર્ગ પર તમામ પ્રકારના ભારે-વાહનોની પ્રવેશબંધી"નું પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે.

રોડ-રસ્તા અંગે જાહેર કરાયેલા જાહેરનામાની અમલવારીનો સમય તા.૧૧ ના સવારના ૦૮ વાગ્યાથી તા.૧૫ રાત્રીના ૧૧ વાગ્યા સુધીનો રહેશે. જે કોઈ વાહન ચાલકો આ જાહેરનામાનો ભંગ કરશે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

આ રોડ પર ભારે વાહન માટે પ્રવેશબંધી

જામનગર રોડથી માધાપર ચોકડી, બેડી ચોકડી, મોરબી હાઈ-વે, મારવાડી યુનિવર્સિટી સુધી તમામ પ્રકારના ભારે વાહનો માટે ઘંટેશ્વર ટી-પોઈન્ટથી પ્રવેશબંધી રહેશે.

મોરબી હાઈ-વે પર રાજકોટ શહેરની હદથી મારવાડી યુનિવર્સિટી, બેડી ચોકડી સુધી તમામ પ્રકારના ભારે વાહનો માટે પ્રવેશબંધી, ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનો માટે ગ્રીનલેન્ડ ચોકડીથી પ્રવેશબંધી.

માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વે થી બેડી ચોકડી તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનો માટે માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વે થી પ્રવેશબંધી રહેશે.

આ રોડ પર ભારે વાહનો માટે વૈકલ્પીક રૂટ/માર્ગ

જામનગર રોડથી અમદાવાદ-મોરબી જવા માટે જામનગર રોડ પરથી માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો ઘંટેશ્વર ટી-પોઈન્ટ થી નવો રીંગરોડ, કોસ્મો ચોકડી, પાટીદાર ચોક, ૮૦-ફુટ રોડથી પુનિતનગર પાણીના ટાંકો, ગોંડલ ચોકડીથી અમદાવાદ હાઈ-વે તરફ જઈ શકશે.

મોરબીથી રાજકોટ તરફ જવા માટે

મોરબી હાઈ-વે રાજકોટ શહેરની હદથી મારવાડી યુનિવર્સિટી થી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો મીતાણા ચોકડીથી અમરસર ફાટક (વાકાનેર) થી સીધાવદર ગામ, કુવાડવા ગામથી અમદાવાદ હાઈ-વે તથા રાજકોટ શહેર તરફ જઈ શકશે.

ગ્રીનલેન્ડ ચોકડીથી મોરબી તરફ જવા માટે

ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો અમદાવાદ હાઈ-વે કુવાડવા ગામ વાંકાનેર ચોકડી, સીધાવદર ગામ, અમરસર ફાટક (વાંકાનેર), મીતાણા ચોકડીથી મોરબી તરફ જઈ શકશે.

માલિયાસણથી બેડી ચોકડી તરફ જવા માટે

માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વેથી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો સાત હનુમાન ઓવર બ્રિજથી જુના કુવાડવા પોલીસ સ્ટેશન, ગ્રીનલેન્ડ ઓવર બ્રિજ, ગોંડલ ચોકડી, પુનીતનગર પાણીના ટાંકાથી ૮૦-ફુટ રોડ, પાટીદાર ચોક, નવા રીંગરોડ પર ઘંટેશ્વર ટી-પોઈન્ટથી જામનગર તરફ જઈ શકશે.

# રાજકોટ શહેરને મચ્છકર વિહોણું બનાવવા મનપા ડ્રોનનો સહારો લેશે: ટેન્ડર પ્રસિધ્ધ

## આઉટડોર પોટેન્શિયલ માસ્કટો બ્રિડીંગ સાઈટ શોધવા માટે કાર્યવાહી હાથ ધરાઈ

રાજકોટ, રાજકોટ શહેરમાં દિવસે ને દિવસે વધતા મચ્છરજન્ય રોગ ચાળો કાબુમાં લેવા માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ટેકનોલોજીના સહારે નવા પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ માટે આઉટડોર પોટેન્શિયલ માસ્કટો બ્રિડીંગ સાઈટ શોધવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

આ અંગે આરોગ્ય વિભાગના સત્તાવાર સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મચ્છરો શોધવાની કામગીરીમાં કોન્ટ્રાકટર દ્વારા રાજકોટ મહાનગર પાલિકાના વિસ્તારમાં આરોગ્ય વિભાગના સૂચનો અનુસાર કામગીરી કરવાની રહેશે. આરોગ્ય વિભાગના અધિકારી દ્વારા સોંપવામાં આવેલ વિસ્તીરનું સૂચનો અનુસાર વિડિયો ક્વોલિટી વાળા ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી આઉટડોર પોટેન્શિંયલ મસ્કટો બ્રિડિંગ સાઈટ શોધવા માટે વિસ્તારનો સર્વે કરવાનો રહેશે.

ટેકનોલોજીનો ઉપયોગ કરી પોટેન્શિયલ બ્રિડિંગ સાઈટ ફિલ્ટર કરી તેને ઓનલાઈન પ્લેટફોર્મ પર અપલોડ કરવાના રહેશે. કોન્ટ્રાકટર પાસે પાણીની ખુલ્લી ટાંકીઓ, ટાયરો તથા અન્ય્ મચ્છર ઉત્ તિ સ્થનો ચોક્કસ કરવા માટે ઈન-હાઉસ સોફટવેર હોવું જોઈએ. ક્લાઉડ બેસ પ્લેટફોર્મ: પ્રોસેસ કરેલા ડેટા ઓનલાઈન ઉપલબ્ધ હોવા જોઈએ અને તેનું વેબબ્રાઉજર એન્ડરોઈડ કમ્પ્લેટિબલ હોવું જોઈએ જેથી કોર્પોરેશનના હેલ્થ વર્કરને ટ્રીટમેંટની કામગીરીમાં સરળતા રહે અને રિમોટલી ઓપરેટ અને મોનીટર કરી શકાય. જરૂરિયાત મુજબની ટ્રીટમેંટની કામગીરી પૂર્ણ કર્યા બાદ કાર્ય પૂર્ણ કર્યાની અપડેટ કરી શકાય તેવી જોગવાઈ ઓનલાઈન પ્લેટફોર્મમાં હોવી જોઈએ.

પ્રોસેસ કરેલા ડેટા સાથે ઉપલબ્ધ હોવા જોઈએ અને કોર્પોરેશનના અલગ-અલગ વોર્ડ વિસ્તાર પ્રમાણે ડેટાનું લિમિટેડ એક્સ્સેસ આપવાનું રહેશે. કોન્ટ્રાકટ દરમિયાન પ્લેટફોર્મનું એકસેસ / સબસ્ક્રી પ્શઝન ઉપલબ્ધ કરાવવાનું રહેશે. એરિયલ સર્વે કર્યા બાદ ડેટા પ્રોસેસિંગ કરી મેળવેલ સંભવિત સાઈટ જયાંત ટ્રીટમેન્ટ ની જરૂરિયાત છે ત્યાં આગળ રાજકોટ મહાનગરપાલિકા તરફથી ગ્રાઉન્ડ ટીમ ડિપ્લય કરવામાં આવશે. જરૂરિયાત મુજબની ટ્રીટમેંટની કામગીરી પૂર્ણ કર્યા બાદ કાર્ય પૂર્ણ કર્યાની અપડેટ કોર્પોરેશનના હેલ્થ વર્કર દ્વારા કરવામાં આવશે. જે જગ્યાણએ ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવની કામગીરી હાથ ધરવી મુશ્કેલ છે તેવી નોન રિચેબલ સાઈટ ઓટોમેટિક ડ્રોન ટીમને સાઈન થઈ જવી જોઈએ અને ડ્રોન ટીમ દ્વારા લાર્વિસાઈડ છંટકાવનું કાર્ય પૂર્ણ કર્યા બાદ તેની અપડેટ ઓનલાઈન પ્લેટફોર્મ પર કરવાની રહેશે છંટકાવની કામગીરી માટે લાર્વીસાઈડ / પેસ્ટીસાઈડ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપવામાં આવશે. જેની જાણ અગાઉથી કરવાની રહેશે.

# હર હર મહાદેવના જયઘોષ સાથે રાજકોટથી બીજી ટ્રેન સોમનાથ પહોંચી



રાજકોટ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં ભાગ લેવા કાલે સાંજે સોમનાથ આવી રહ્યા છે અને રવિવારે રોડ-શો સહિતના કાર્યક્રમ યોજાવાના છે ત્યારે ગઈકાલે રાત્રે સતત બીજા દિવસે શહેર ભાજપ દ્વારા ધારાસભ્યોની હાજરીમાં ભાવિક ભકતોની ટ્રેનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ભકતો અને કાર્યકરો સવારે સોમનાથ પહોંચી ગયા હતા. આ તકે શીવ મંત્રોચ્ચાર અને હર હર મહાદેવના જયઘોષ સાથે ટ્રેઈનને પ્રસ્થાન કરાવવામાં આવેલ હતી. ધારાસભ્ય ઉદય કાનગડ જાતે કાર્યકરો સાથે ટ્રેનમાં રવાના થયા હતા.

રાજકોટ ભાજપ દ્વારા ત્રણ દિવસ સુધી ભકતોને સોમનાથ પર્વની ઉજવણીમાં લોકો ભાગ લેવા જાય તે માટે ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. બુધવારે અને ગુરૂવારે રાત્રે ટ્રેન ઉપડી હતી અને આવતીકાલે પણ શહેર ભાજપના મુખ્ય હોદ્દેદારો, પદાધિકારીઓ, ચૂંટાયેલા લોકો સોમનાથ જવાના છે.

નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તા.૧૧ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ અને મહાનગરના મુખ્ય ઈન્ચાર્જ તરીકે શહેર ઉપપ્રમુખ પરીમલભાઈ પરડવા અને સહઈન્ચાર્જ તરીકે પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ નં.૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષીની આગેવાનીમાં તા.૭ જાન્યુઆરીએ રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતેથી ભાવિક ભકતો અને કાર્યકર્તાઓ સાથે ટ્રેન ઉપડી હતી. ૧૮ કમ્પાર્ટમેન્ટની ટ્રેઈનના ઈન્ચાર્જ વોર્ડ નં.૩ ના પૂર્વ પ્રમુખ હેમુભાઈ પરમાર અને સહઈન્ચાર્જ બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાયની આગેવાનીમાં લઈ જતી ટ્રેનને ભાજપ પ્રમુખ ડો. માધવ દવે ઉપસ્થિત રહી પ્રસ્થાન કરાવી હતી. આ તકે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા શુભ મુર્હતમાં શાસ્ત્રોકત મંત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

શહેર પ્રમુખના હસ્તે શ્રીફળ વધેરી શુભ શુકન કરવામાં આવેલ હતું. આજના બીજા દિવસે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિનભાઈ

# રાજકોટના કોઠારીયા રિંગ રોડ પર ટ્રકમાં ચોરખાનું બનાવી છૂપાવેલો દારૂ ઝડપાયો : એક પકડાયો



રાજકોટ, રાજકોટ શહેરની ભાગોળે કોઠારીયા રીંગ રોડ પર લીજ્જત પાપડ પાસેથી પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે રાજસ્થાની શખ્સને ઝડપી લીધો હતો. ટ્રકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી છુપાવેલો ૧૫૬ બોટલ દારૂ અને ટ્રક મળી કુલ રૂા.૮.૯૪ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસે સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દિલીપ બોરીચા, દિપક ચૌહાણ, વિશાલ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન ગ્રીન લેન્ડ ચોકડી તરફથી ગોંડલ ચોકડી તરફ જતાં ટ્રકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી વિદેશી દારૂ છુપાવ્યો હોવાની બાતમી મળતાં પોલીસે કોઠારીયા રીંગ રોડ પર લીજ્જત પાપડ સામે હાઈવે પર વોચ ગોઠવી હતી.

દરમિયાન ત્યાંથી પસાર થતાં બાતમી મુજબના ટ્રકને અટકાવી તલાસી લેતાં ટ્રકમાં એસ.એસ.વાયરના બંડલો જોવામાં આવેલા જેની નીચે ચોર ખાનુ બનાવેલું હોય જેમાં તપાસ કરતાં વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ ન.૧૫૬ કિ.રૂા.૩,૮૯,૧૬૦ મળી આવતાં પોલીસે ટ્રક ચાલક ચંદનસિંહ નૈનુસિંહ રાવત (રહે.ખલીયા, રાજસ્થાન)ને ઝડપી લઈ ટ્રક અને દારૂ મળી કુલ રૂા.૮,૯૪,૧૬૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની પુછપરછ હાથ ધરી હતી. જેમાં આરોપીએ આ દારૂનો જથ્થો રાજસ્થાનમાં અલ્વર હાઈવે પર આવેલા ઢાબા પરથી વિક્રમસિંહ હજારેસિંહ ચૌહાણએ ભરી આપ્યો હોવાનું અને રાજકોટ ગોંડલ હાઈવે તરફ લઈ જવાનું જણાવ્યું હોવાની કબુલાત આપતાં પોલીસે ટ્રક ડ્રાયવરની ધરપકડ કરી દારૂ મોકલનાર સપ્લાયરને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# પોરબંદર-મુઝફ્ફરપુર ટ્રેનને કિશનગઢ રેલ્વે સ્ટેશન પર નવુ સ્ટોપેજ મળ્યું

રાજકોટ,ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અજમેર અને જયપુર ડિવિઝન હેઠળની કેટલીક ટ્રેનોને પ્રાયોગિક ધોરણે વધારાના સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૯૨૬૯/૧૯૨૭૦ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસને રાજસ્થાનના કિશનગઢ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

નવું સ્ટોપેજ -સમયપત્રક:- ૧) ટ્રેન સંખ્યા ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ, પોરબંદરથી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ થી ઉપડનારી આ ટ્રેનનું કિશનગઢ સ્ટેશન પર, આગમન: ૧૨:૨૨ કલાકે, પ્રસ્થાન: ૧૨:૨૪ કલાકે, ૨) ટ્રેન સંખ્યા ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ મુઝફ્ફરપુરથી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ઉપડનારી આ ટ્રેનનું કિશનગઢ સ્ટેશન પર: આગમન: ૨૦:૧૧ કલાકે પ્રસ્થાન: ૨૦:૧૩ કલાકે આ વધારાનું સ્ટોપેજ પ્રાયોગિક ધોરણે આગામી આદેશ સુધી અમલમાં રહેશે.

# જીએસટી કૌભાંડ અને છેતરપિંડીના ગુનામાં ફરાર બે શખ્સો ઝડપાયા

રાજકોટ :પોલીસ કમિશ્નરની સુચનાને પગેલ પેરોલ ફર્લો સ્કર્વોડની ટીમે જીએસટી કૌભાંડ અને છેતરપિંડીના ગુનામાં ફરાર બે શખ્સોને ગાંધીનગર અને અમદાવાદથી ઝડપી લીધા હતા. પૂર્વયોજીત કાવતરૂ રચી પેઢીનાં નામના જીએસટીનાં બનાવટી દસ્તાવેજો બનાવવાનાં ગુન્હામાં ભક્તિનગર પો.સ્ટે. ગુનામાં નાસતા ફરતા આરોપી અમદાવાદ દાણી લીમડા જેનલ રેસીડેન્સી અલ મહંમદી -સોસાયટી, મદીના હોટલની સામે પ્લોટ નં.૪૦૩માં રહેતા તોફીક ઉર્ફે પંકજ ઉર્ફે ભાઉ રફીકભાઈ રંગરેજ (ઉ.વ.૩૬)ને અમદાવાદ શહેર ખાતેથી પેરોલ ફર્લો સ્કર્વોડની ટીમે ઝડપી લીધો હતો. જયારે પૂર્વયોજીત કાવતરૂ રચી છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદમાં ફરાર જામનગરના ધ્રોલના તુલસીપાર્કના વાતની હાલ સર્કલ-૨ ઘ રોડ ઘર નં.૮૭૩ ગાંધીનગર રેહતા વિનાદભાઈ છગનભાઈ કાસુદ્રાને ઝડપી લીધો હતો.

# રાજકોટ મનપા દ્વારા હોટલ-હોસ્પિટલ-સ્કૂલ- સોસાયટીઓ માટે સ્વચ્છતા સ્પર્ધાનું આયોજન

રાજકોટ, રાજકોટ શહેરના તમામ હોટલ સંચાલકો, તમામ હોસ્પીટલ, તમામ સ્કુલ સંચાલકો, તમામ રેસિડન્સ વેલ્ફેર એસોસીએશન/ મોહલ્લાના પ્રમુખ, માર્કેટ એસોસીએશન, તમામ સરકારી કચેરીને આથી જાણ કરવામાં આવે છે. આગામી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૫-૨૦૨૬ને ધ્યાને લઈને સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સ્કુલ, સ્વચ્છ હોટલ, સ્વચ્છ હોસ્પીટલ, સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસીએશન/મોહલ્લા, સ્વચ્છ સરકારી ઓફિસ તથા સ્વચ્છ માર્કેટ એસોસિએશન માટે સ્વચ્છતા રેકિંગનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સ્વચ્છતા રેક્રિંગ દર મહિને યોજવામાં આવનાર છે.

આ સ્વચ્છતા રેક્રિંગમાં ભાગ લેનારને સ્વચ્છતાના જુદા-જુદા પેરામીટર્સ જેમ કે, ઈન્ફ્રાસ્ટ્રકચર, સર્વિસ મેઈન્ટેનન્સ અને લોકોના ફીડબેક ઉપર દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના વિજેતાનું સન્માન કરવામાં આવશે. આ સ્વચ્છતા રેક્રીંગમાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

સ્વચ્છતા જાગૃતિ તથા સિંગલ પુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ અંગેના બેનર તથા હોર્ડિંગ લગાવવાના રહેશે તેમાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫નો લોગો લગાવો ફરજીયાત છે (સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૫નો લોગો પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન યુનિટ (આઈ.ઈ.સી.સેલ) પ્રથમ માળ રૂમ નં-૭, ઢેબર રોડ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા (ફોન નં- ૨૨૨૮૧૭૭ મળી રહેશે.) આ સ્વચ્છતા રેક્રીંગનો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર હસ્તગત કમિટીનો રહેશે. જે દરેક ભાગ લેનાર સંસ્થાઓને બંધનકર્તા રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦/૦૧/૨૦૨૬ રહેશે. સ્વચ્છતા રેક્રિંગ સ્પર્ધામાં વિવિધ માપદંડો જેમ કે પરિસરની સ્વચ્છતા, શૌચાલયનું બાંધકામ તથા સ્વચ્છતા, દાદરા-લોબીની સ્વચ્છતા, કચરાપેટીની વ્યવસ્થા, ભીના તથા સુકા કચરાના નિકાલની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા વિગેર રહેશે

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)